


# ગાંધીનગરની પ્રથમ ૧૦૦ બેડની 'મલ્ટી-સ્પેશ્યાલીટી' ગોએન્કા હોસ્પીટલનો શુભારંભ

અમદાવાદ, મલ્ટી સ્પેશ્યાલીટી ગોએન્કા હોસ્પીટલનો આજે શુભારંભ કરવામાં આવ્યો હતો. હવે આ હોસ્પીટલ ગાંધીનગર જિલ્લા સહિત ગુજરાતના લોકોને તબીબી સારવાર આપશે. આ હોસ્પીટલ દ્વારા ગાંધીનગર અને તેની આસપાસ ગામોના લાખો લોકોને તબીબી સુવિધાઓ પુરી પાડશે. આ ૧૦૦ પથારીની અલ્ટ્રા મોડર્ન હોસ્પીટલમાં 'હિલિંગ લાઇઝ' સૂત્ર સાથે કામગીરી હાથ ધરાઇ છે જે માત્ર આસપાસના વિસ્તારોને માત્ર તબીબી સુવિધા જ નહીં પરંતુ અન્ય માધ્યમો દ્વારા પણ તેમના ચહેરાઓ પર સ્મિત લાવશે. આ હોસ્પીટલમાં અત્યાધુનિક ઉપકરણો જેવા કે કલર ડોપલર, ૨ડી ઇકો અને કોમ્પ્યુટરાઇઝડ એકસ-રે, અલ્ટ્રાસાઉન્ડ અને ઇન હાઉસ લેબોરેટરી જેમકે ઉચ્ચ કક્ષાના રકત પરીક્ષણ માટે પેથોલોજી, માઇક્રોબાયોલોજી, હિસ્ટોપેથોલોજી અને ઇમ્યુનોલોજીનો સમાવેશ થાય છે. ગોએન્કા હોસ્પીટલના અધ્યક્ષ શ્રી અપૂર્વ ગોએન્કાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'ગોએન્કા હોસ્પીટલ હંમેશા સમાજને સમર્પિત રહીને કામગીરી આગળ વધારે છે. તેના દ્વારા નિયમિત રીતે દૂરના ગામોમાં તબીબી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. મેડીકલ કેમ્પોમાં હોસ્પીટલના ડોકટરો દ્વારા મફત દવાઓ પણ ગરીબો અને જરૂરિયાદમંદ લોકોને આપવામાં આવે છે. આ હોસ્પિટલ એક એવી હોસ્પીટલ છે કે જેમાં લોહીના સ્ટોરેજની સુવિધા પણ છે. જે ગાંધીનગરમાં પ્રથમ વખત શરૂ થયેલી સુવિધા છે.' ગોએન્કા હોસ્પીટલના ડીએમએસ ડો. દિવ્યેશ ગુપ્તાએ જણાવ્યું કે, 'હવે ગાંધીનગરના લોકો અને તેની આસપાસના ગામોના લોકોએ કોઇપણ સ્વાશ્યાલીટી હોસ્પીટલ છે અને તેમાં દર્દીઓ અને તેમના પરિવારજનો પર આર્થિક ભારણ ઘટશે અને એમના ચહેરા પર સ્મિત જોવા મળશે. ગોએન્કા હોસ્પીટલમાં બે પ્રકારના આઇસીયુ છે, જેમાં એક મેડિકલ આઇસીયુ ૯ પથારી સાથે છે અને અન્ય એક સર્જીકલ આઇસીયુ છે જેમાં ૮ પથારી છે. આ બંને આઇસીયુમાં અત્યાધુનિક ઉપકરણો મૂકવામાં આવેલા છે. જ્યારે ઓપરેશન થિયેટરામાં લેમીનાર એર ફલો ૫ પેરા મોનીટરની સુવિધા સાથે સજ્જ છે અને તેમાં તમામ મેજર સર્જરી થઇ શકે છે.

ગોએન્કા હોસ્પીટલના એકઝીક્યુટિવ ડિરેકટર શ્રી એન. કુમારસ્વામીએ કહ્યું હતું કે, 'અમારૂ ઇમર્જન્સી ડિપાર્ટમેન્ટ ૪ કેઝયુલીટી પથારી ધરાવે છે. ૩૬૫ દિવસ તે કાર્યરત હોય છે. તેનો સ્ટાફ તાલિમબદ્ધ અને ઉપકરણોથી સજ્જ રહીને કોઇપણ મેડીકલ ઇમર્જન્સી માટે તૈયાર રહે છે. ઓપરેશન થિયેટર પણ વોર્ડની અંદર બનાવાયેલ છે જેથી તાત્કાલિક સર્જરી વેળાએ સમયનો સહેજ પણ બગાડ થતો નથી. (૧૯.૮)